(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર ખાતે રામકથા મેદાનમાં વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભ તથા વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીને વિજય બનાવવાના સંકલ્પ સત્રની બેઠક યોજાઈ હતી. ભાજપના અગ્રણી પુરુષોત્તમ રૂપાલાજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં નરેન્દ્ર મોદીને આગામી લોકસભા ચૂંટણીમાં વિજય બનાવવા અને દેશના પ્રધાન પદે આરૂઢ થાય તેવા સંકલ્પ માટે સૌએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કંથારપુર વડ જોવા દિવાળી વેકેશનમાં ભીડ ઉમટી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલ વાસણા ચૌધરી ગામથી કંથારપુર ગામ વચ્ચે આવેલ ઘેઘુર કંથારપુર વડ ખાતે દિવાળીની રજાઓ અને તેમાં પણ રવિવાર હોઈ અનેક સહેલાણીઓ અને દર્શનાર્થીઓની ભીડ ઉમટી પડી હતી.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રચારક તરીકેના તેમના દિવસો દરમ્યાન કેટલીયવાર આ ઘેઘુર વડ નિચે સમય વિતાવ્યો હતો. તેમજ હવે તેમણે આ સ્થળને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા નિર્ણય કર્યો હોવાના અહેવાલો પ્રસિદ્ધ થતા જ એકાએક પ્રખ્યાત બનેલ આ સ્થળે દિવાળીનું વેકેશન તેમજ રવિવારની રજા હોવાના કારણે મોટી સંખ્યામાં ભીડ ઉમટી પડી હતી. અહીં મહાકાળી માતાનું મંદિર વડની નીચે જ હોવાથી આસપાસના વિસ્તારમાં આ વડ 'માતાના વડલા' તરીકે પણ પહેલેથી જ પ્રસિદ્ધ હતો. પરંતુ મુખ્યમંત્રીનો પારસમણી સ્પર્શ પામ્યા પછી એકાએક આ સ્થળની મુલાકાત લેનારાઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. ઘેઘુર વડવાઈઓ અને તેની વિશાળતાને કારણે આ વડને 'મીની કબીરવડ' તરીકે પણ લોકો ઓળખવા લાગ્યા છે. બાળકોને વડવાઈઓ પર લટકી હિંચકા ખાવાની મજા તેમજ સરળતાથી ઝાડ પર ચઢીને મોજ મસ્તી કરવાની મજા પડતી હોવાથી આ વડ હવે પિકનીક-પોઈન્ટ બની ચુક્યો છે. ફેમીલી અને સગાસંબંધીઓ અથવા મિત્રો સાથે અહીં આવીને ધીંગામસ્તી કરવાનો લ્હાવો હવે હિંમતનગરથી ગાંધીનગર અને દહેગામથી અમદાવાદ સુધીના પરિવારો લેતા થઈ ગયો છે. આ રવિવારે તો અહીં એક સમાજનો નાનકડો ધાર્મિક પ્રસંગ પણ હોવાથી અને નજીકના વાસણા ચૌધરી ગામે ક્રિકેટ ટૂર્નામેન્ટ પણ ચાલતી હોવાથી કંથારપુર વડે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો જે આ સ્થળની લોકપ્રિયતામાં થયેલ અચાનક વધારાને દર્શાવે છે. મુખ્યમંત્રીએ આ સ્થળને વિકસાવવાના નિર્ણયને કારણે આસપાસના ગામની જનતા ઉત્સાહમાં છે અને જલદીથી આ બાબતે નક્કર પગલા ભરાય તેવી આશા લોકો રાખી રહ્યા છે.

ભાડુઆતની જાણ ન કરનાર વધુ છ મકાન માલીકો સામે ગુના દાખલ

છ મકાન ભાડુઆત અને બે પેટ્રોલપંપના માલીકો સામે કેસ કરીને એસ.ઓ.જી.નો સપાટો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે જિલ્લા કલેક્ટરના જાહેરનામા મુજબ મકાન ભાડે આપ્યા બાદ પણ ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ ન કરનાર મકાન માલીકો તથા કેમેરા લગાડવાની સુચના હોવા છતાં સીસીટીવી કેમેરા ન લગાડનાર પેટ્રોલપંપના માલીકો પર સપાટો બોલાવી મુક્યો છે. બે દિવસમાં બે પેટ્રોલપંપના માલીકો અને છ મકાન માલીકો કે જેણે ભાડે મકાન આપ્યા બાદ પણ પોલીસને જાણ ન હતી કરી તે તમામ સાથે જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે ભાડુઆત અંગે જાણ ન કરનાર મકાન માલીકો સામે કાર્યવાહી કરવા વિવિધ સ્થળોએ આકસ્મીક ચેકીંગ હાથ ધર્યું હતું. કલોલ શહેર વિસ્તારમાં આજે દરોડા પાડીને અલગ-અલગ મકાનોમાં ચેકીંગ કર્યું તો છ મકાનમાં ભાડુઆત રહેતા હતા જેમની નોંધ સ્થાનિક પોલીસ મથકે થયેલી ન હોવાનું ધ્યાને આવ્યું હતું. તમામ છ મકાનમાલીકો સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

જ્યારે બે દિવસમાં બે પેટ્રોલપંપ પર દરોડા પાડીને સીસીટીવી કેમેરા ન લગાડી જાહેરનામાનો ભંગ કર્યો હોવાનું ધ્યાને આવતા તે બન્નેના માલીકો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોલવડા ગામ પાસે રોડ પર દારૂ વેચવા બેઠેલો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકના કોલવડા ગામની સીમમાં કાચા રોડ પર એક શખ્સ દારૂ વેચવાના ફિરાકમાં બેઠો હોવાની બાતમી ગઈ સાંજે પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલાને મળતાં તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. તપાસ કરતાં બાતમીવાળી જગ્યાએ એક શખ્સ બેઠો હતો. તેની પાસેથી ૧૨ નંગ બિયરના ટીન અને ૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

કોલવડા ગામમાં રહેતા શખ્સ રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ રૂ. ૨૭૦૦ની કિંમતના દારૂ-બિયર સાથે ધરપકડ કરીને પુછતાછ કરતાં જાણવા મળ્યું હતું કે તે શખ્સ રેલવે ફાટક કોલવડા પાસે કોઈ બુટલેગર પાસેથી દારૂ-બિયર લઈ આવ્યો હતો અને વેચવા ફરી રહ્યો હતો. પેથાપુર પોલીસે તેની ધરપકડ કરી બુટલેગર સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની સીજનમાં વગડે ઘુમતા ઝેરી જનાવરોનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં ચિલોડા વિસ્તારમાં સર્પદંશના બનાવો બન્યા હતા. ત્યારે ચાલુ સાલે શેરીઓ તથા વાસની આજુબાજુ ઝેરી તથા બિન ઝેરી જનાવરો દેખા દેતા લોકોમાં ચિંતાનું મોજું જોવા મળે છે. આમ જનાવરોમાં ઝેરી કોબ્રા તથા કાળોતરો સાપ ખૂબજ માનવો માટે જોખમી પુરવાર બને છે. જ્યારે બિન ઝેરી સાપો કરડવાથી જાનહાની નહીં થઈ હોવાનું સાપ પકડનાર નિષ્ણાંતોએ જણાવ્યું હતું. આમ ચિલોડા પંથકમાં છેલ્લા એક અઠવાડિયાથી સોસાયટીમાં સાપ નીકળવાના કિસ્સા બનવા પામ્યા છે. પરિણામે જાગૃત નાગરિકો દ્વારા ઝેરી જનાવરને મારવાને બદલે ગાંધીનગર શહેરમાં રહેતા સાપ પકડનારને ફોન દ્વારા બોલાવી જીવતો પકડી ખુલ્લા જંગલમાં છૂટો મૂકી દેવા તુરંત કાર્યવાહી હાથ ધરી રહ્યા છે. જેમાં એક સાપ પકડનાર નિષ્ણાંત યુવક બિન્દાસથી હાથમાં સાપ રમાડતો ઝડપી લીધો હતો. ત્યારબાદ કોથળીમાં પુરી જંગલમાં રવાના કર્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગરમાં મોહરમ નિમિત્તે પરંપરાગત તાજીયા જુલુસ નીકળશે

ગાંધીનગર સેક્ટર-૨૯ ખાતે યોજાયેલી હુસૈની કમીટીની મીટીંગમાં આગામી તા. ૧૫મી નવેમ્બરે મહોરમ નિમિત્તે પરંપરાગત રીતે તાજીયા જુલુસ કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેરમાં સેક્ટર-૨૯માંથી, સેક્ટર-૨૪, ઈન્દીરાનગરમાંથી અને સેક્ટર-૨૮ ચરેડી ખાતેથી એમ કુલ ૩ તાજીયા નિકળશે જે ઘ-૬ સર્કલ પાસે ભેગા થઈ શહેરના મુખ્ય માર્ગો પર ફરશે તેમજ તાજીયા કલાત્મક બનાવવામાં આવશે તેવું હુસૈની કમીટીના સ્થાપક પ્રમુખ બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

આનંદનો ગરબો

મા મેલડી આનંદ ગરબા મંડળ આનંદનો ગરબો મધુબેન કડીકરના મધુરકંઠે પન્નાબેન રાજેન્દ્રકુમાર જોષી પ્લોટ ૧૦૬૦/૨ સે. ૩/ડીના નિવાસસ્થાને તા. ૧૧ નવેમ્બર આજરોજ બપોરે ૨.૩૦થી ૫.૩૦ દરમ્યાન રાખેલ છે.

જેઠીપુરા પાસે અજાણ્યા વાહનની ટક્કર વાગતા આધેડનું ઘટનાસ્થળે મોત

ગાંધીનગર તાલુકાના ચિલોડા-નરોડા હાઈવે ૮ માર્ગ પર દિનપ્રતિદિન ગંભીર અકસ્માતોના બનાવોથી અનેકની જીંદગી જોખમમાં મુકાઈ રહેલી છે. જેમાં ચિલોડા-નરોડા ચોકડી માર્ગ તથા અસંખ્ય વાહનોની પૂરઝડપે ગફલતભરી રીતે હંકારતા વાહનચાલકોથી લોકો અકસ્માતના વારંવાર ભોગ બને છે. જેમાં ગઈકાલે મોડીરાત્રે જેઠીપુરા નજીક એક અજાણ્યા વાહને જૈનતીર્થ આશ્રમમાં સેવક તરીકે નોકરી કરતાં બંસી હર્ષદભાઈ પુરોહિત (ઉ.વ. ૫૫) રાત્રે રસ્તો ઓળંગી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા વાહનની અડફેટ લાગતા તેમની માથાની ખોપરી ફાટી જતા ગંભીર અકસ્માતમાં ઘટના સ્થળે પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું.

દિપાવલી પર્વ બાદ રવી સીઝનના વાવેતર માટે ખેડૂતો વ્યસ્ત

મોઘાદાટ ઘઉંના બિયારણ મેળવવા ખેડૂતોના આટાપાટા

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તથા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા ચિલોડા વિસ્તારમાં રોકડિયા પાકો તરીકે લીલી શાકભાજીનું વાવેતરમાં કોબીજ, ફુલાવર, રવૈયા, ટામેટા, કારેલા, ગિલોડી, કાકડી તથા ભીંડાનું વાવેતરમાં પોષણક્ષમ ભાવોમાં હવે દિપાવલી પર્વ બાદ સહેજ ઊંચકાતા ખેડૂતઆલમમાં આવકની આશા બંધાઈ રહી છે. એક બાજુ રવી સીઝનમાં ખેડૂતો ખેતરોમાં ઘઉંનું વાવેતર કરવા સજ્જ બની રહ્યા છે. ત્યારે શાકભાજીના ભાવોમાં તેજીના એંધાણો સાથે ભાવો સ્થિર બને તેવા સંકેતો મળી રહ્યા છે. પરિણામે શાકભાજીના ખેતરોમાં રોગચાળાને નિયંત્રણ માટે વધુ દવાનો છંટકાવ કરવામાં ખેડૂતો ગળાડૂબ બન્યા છે. હાલમાં ચિલોડા તથા પ્રાંતિજ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં લીલી શાકભાજીના માંડવા દ્વારા શાકભાજીનું વાવેતર તરફ વધુ આકર્ષાયા છે. ચાલુ સાલે ભીંડાનું બજાર હમણાં તેજ જણાતાં શિયાળુ ભિંડાનું વાવેતર માટે ખેડૂતો વિચારી રહ્યા છે. ચાલુ સાલે ખરીફ પાકમાં કપાસ અને મગફળી જેવા પાકોને નુકશાન થતાં રવીપાકમાં ઘઉંનું વાવેતર કરી ખેડૂતો સરભર કરવા ઈચ્છી રહ્યા છે. જ્યારે ઘઉના પોષણક્ષમ ભાવો ન મળવા છતાં ઘઉંનું વાવેતર કરવા મજબૂર બનશે. પરંતુ પોષણક્ષમ ભાવો ખેડૂતોને ન મળે તેના કરતાં હાલમાં ખેડૂતો સર્ટીફાઈડ ઘઉંનું બિયારણ ગણું મોંઘુદાટ ભાવોથી ચિંતીત બન્યા છે. તેમ છતાં ખેડૂતો ઘઉના મોંઘુદાટ બિયારણ માટે બજારોમાં શોધ આદરી રહ્યા છે. આમ ખેડૂતો દ્વારા સર્ટીફાઈડ બિયારણ નહીં મળે તો ઘરગથ્થુ બિયારણનો ઉપયોગ કરી વધુ વાવેતર કરશે તેવી ધારણા પ્રવર્તી રહી છે. આમ ધાન્યપાકોને બદલે રોકડિયા પાકોમાં આર્થિક ભરણપોષણ તથા આજીવિકાના સાધન તરીકે ખેડૂતો લીલી શાકભાજીની ખેતીને ના છૂટકે પ્રાધાન્ય આપી રહ્યા છે. આમ દિપાવલી પર્વ બાદ શાકભાજીના ભાવો સ્થિર થતાં ખેડૂતો અને ગૃહિણીઓ માટે આશીર્વાદ રૂપ સંજોગો ઉજળા બને તેવું માની રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરતાં પશુપાલકો લીલો ઘાસચારા માટે લશકાનું વાવેતર કરી રહ્યા છે. પરંતુ લશકાનું મોઘુ દાટ બિયારણમાં ૧ કિલોના ૨૧૦ રૂ.ના ભાવે બિયારણ વિક્રેતા વેચાણ કરી રહ્યા છે. આમ પશુપાલકો કપાસિયા ખોળ અને લીલો ઘાસચારાના ઊંચા ભાવોથી પશુપાલકોમાં ચિંતા પ્રવર્તી રહી છે. જ્યારે પશુપાલકોમાં દૂધના હજુ પોષણક્ષમ ભાવો ન મળતાં ખર્ચાળ પશુઓનું પાલનપોષણ કરવામાં ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ગાંધીનગરના આંતરિક વાહન માર્ગો હજુ પણ સુમસામ

મીની વેકેશનના માહોલમાં પર્યટન અને ધાર્મિક સ્થળોએ માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૧૦

દિપાવલીનો મોટો તહેવાર અને શાળા-કોલેજોનું વેકેશન એ ગાંધીનગર માટે શુન્યવકાસ જેવું બને છે. મુખ્ય માર્ગો સહિત સમગ્ર શહેર તહેવારમાં સુમસામ બની ગયું હતું. જેમાં સચિવાલય સહિત અન્ય સરકારી કચેરીઓ શરૂ થતાં શહેરના માર્ગો ઉપર ચહલપહલ વર્તાવા લાગી હતી. પરંતુ શનિ-રવિના મીની વેકેશન અને શાળા-કોલેજના વેકેશનના સમન્વય થકી હાલ મુખ્ય માર્ગો ઉપર થોડી ચહલપહલ છે. પરંતુ આંતરીયાળ માર્ગો ઉપર શુનકાર ભાંસી રહ્યો છે. જેથી રાત્રીના સમયે માર્ગો બિહામણા લાગે છે. પરંતુ સોમવારથી બધુ જ રાબેતા મુજબ થશે તે સાથે જ શહેરમાં ધમધમાટ વધી જશે.

રાજ્યની ઉત્સવપ્રિય પ્રજા તમામ તહેવારોને પૂરા હર્ષોલ્લાસ સાથે ઉજવે છે. જેમાં લોકપ્રિય અને મોટો ગણાતો તહેવાર દિવાળીએ સૌ કોઈ માટે રજાનો મુડ લઈ આવે છે. હરવા ફરવા સાથે મોજ મસ્તી અને સગાસંબંધીઓની મુલાકાત લઈ સંબંધોને જીવંત રાખવાના પ્રયાસ આ તહેવાર સમયે થાય છે. જેની અસરો મુખ્ય શહેરો ઉપર વધુ દેખાય છે. જેમાં ગાંધીનગરના શહેરીજનો વેકેશન અને રજાઓ લઈ પોતાના વતન તરફ પ્રયાણ કરે છે જેથી શહેરના માર્ગો ચહલપહલ વગર સુમસામ બની જાય છે.

શિક્ષણક્ષેત્રે રાજ્યભરમાં નામના ધરાવતા આ શહેરમાં અનેક લોકો બહારથી આવી વસીને પોતાના સંતાનને અભ્યાસ કરાવે છે. તો રાજ્યભરની સરકારી કચેરીઓની મુખ્ય કચેરીઓ ગાંધીનગર ખાતે આવેલી છે. જેમાં પણ અનેક લોકો ફરજ બજાવે છે. તેમજ વ્યાપાર ધંધા-રોજગાર અર્થે પણ ઘણા લોકો શહેરમાં આવે છે. આમ આ તમામ લોકો પોતપોતાના વતનમાં મુખ્ય અને મોટા ગણાતા દિપાવલી તહેવારમાં જાય છે જેથી ભરચક શહેર ખાલી ખમ થઈ સુમસામ બની જાય છે.

હાલમાં શહેરના આજુબાજુના ધાર્મિક અને પર્યટન સ્થળોએ માનવ મહેરામણ ઉમંટ્યો છે. જેથી મુખ્ય માર્ગો ટ્રાફીકથી ધમધમી રહ્યા છે. પરંતુ સેક્ટરના તેમજ અન્ય આંતરીયાળ માર્ગો હજુ પણ સુમસામ છે. પરંતુ શાળા-કોલેજ સિવાય સોમવારથી બધુ જ રાબેતા મુજબ શરૂ થશે જેથી શહેરમાં ધમધમાટ સાથે ચેતનવંતુ બની જશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૫૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૧૦.૧૫,૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૨ :
સત્યા-૨ : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૫
ક્રિશ -૩ : ૧૨.૦૦, ૬.૨૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સત્યા -૨ : ૧.૦૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૪૫
સત્યા-૨ : ૭.૧૫, ૧૦.૧૫

મિરાગ, કલોલ

ક્રિશ -૩:૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સામાજિક

- ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સ્નેહ મિલન સમારંભ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દંઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે.

તુલા : કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. આત્મારામ વરવાભાઈ પ્રજાપતિ(ઉ.વ. ૭૮) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કેનીબેન રોનકકુમાર ભાવસાર (ઉ.વ. ૨૮) ૧૮, સિદ્ધરાજ ગ્રીન્સ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચીનુભાઈ શંકરલાલ શાહ(ઉ.વ. ૭૮) ૧૫, મયુર એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. મેનાબેન સનાજી ઠાકોર(ઉ.વ. ૯૫) મુ.પો. જેઠીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રતાપજી સદાજી બિહોલા(ઉ.વ. ૯૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.